**સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ – સરળ ભાષા સારાંશ (PLS)**

પાત્ર દર્દીઓને સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ (SPUH) અને એક નોંધપાત્ર સંબંધિત એકમ (IRS તરીકે વ્યાખ્યાયિત) દ્વારા આંશિક અથવા સંપૂર્ણ રીતે ડિસ્કાઉન્ટેડ તાત્કાલિક અથવા અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે તે માટે દ સેંટ પીટર્સ યુનિવર્સિટી હોસ્પિટલની નાણાકીય સહાય નીતિ/કાર્યક્રમ (FAP) છે. સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ અને કોઈ પણ નોંધપાત્ર સંબંધિત એકમને આના પછી SPUH તરીકે ઓળખવામાં આવશે.

**<u>પાત્ર સેવાઓ</u> -** SPUH દ્વારા આપવામાં અને બિલ બનાવવામાં આવતી તાત્કાલિક અને અન્ય તબીબી રીતે આવશ્યક સ્વાસ્થ્ય સેવાઓ. SPUH દ્વારા બિલ બનાવવામાં આવેલ સેવાઓ માટે જ FAP લાગુ થાય છે. અન્ય પ્રદાતાઓ દ્વારા અલગથી બિલ બનાવવામાં આવતી અન્ય સેવાઓ, જેવી કે ફિઝિશિયન અથવા પ્રયોગશાળા FAP હેઠળ પાત્ર નથી.

**<u>પાત્ર દર્દીઓ</u> -** એવા દર્દીઓ જે પાત્ર સેવાઓ મેળવે છે, જે તમામ જરૂરી માહિતી/દસ્તાવેજો આપે છે અને જે સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલની સંસાધન સેવાઓ દ્વારા અપાતી નાણાકીય સહાય માટે લાયક નિર્ધારિત થયા હોય.

*FAP-પાત્ર વ્યક્તિઓને તાત્કાલિક અને અન્ય તબીબી રીતે જરૂરી સારવાર માટે AGB કરતાં વધુ ચાર્જ કરવામાં આવશે નહીં -* ***આ રીતે, સ્વાસ્થ્ય કેર પ્રણાલી કોઈ પણ જરૂરી તબીબી સારવાર માટે FAP-પાત્ર વ્યક્તિઓને મોટો ખર્ચ લાગુ કરશે નહીં.***

<u>કેવી રીતે અરજી કરવી</u>

- **વીમા કવચ વિનાના દર્દીઓ**

સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલની સંસાધન સેવાઓ વીમા કવચ વિનાના (પોતે ચુકવણી કરનાર) દર્દીઓ માટે બધા ખાતાઓની સમીક્ષા કરે છે. આ પ્રક્રિયા માટે અમને આવા દર્દીઓની સંખ્યા શોધવી પડે છે જે રાજ્ય અથવા ફેડરલ મદદ કાર્યક્રમ માટેની તેમની સંભવિત લાયકાત નક્કી કરવા માટે જરૂરી છે, તેમજ તમામ દર્દીઓ, પ્રતિનિધિઓ, સંબંધિત ડૉક્ટરો અને SPUH કર્મચારીઓને એ બાબત જણાવવા માટે જરૂરી હોય છે, કે નાણાકીય મદદની માગણી આવી શકે છે.

જે દર્દીઓ રાજ્ય અને ફેડરલ સહાય કાર્યક્રમ માટેની અપાત્રતાને કારણે, પોષણક્ષમ કેર અધિનિયમ હેઠળ ન્યૂનતમ જરૂરી કવરેજ ન ધરાવવાને કે તેનું પાલન ન કરવાને લીધે પોતે ચુકવણી કરનાર (સેલ્ફ-પે) રહ્યા હોય, તેઓ નાણાકીય સહાય માટે સંભવતઃ લાયક ગણવામાં આવશે અને તેમનો ખર્ચ નીચે માંથી જે ઓછો હોય તેટલો ગણવામાં આવશે:

- પરિવારની આવક ફેડરલ ગરીબી સીમા (“FPL”) ના 0 થી 200; દર્દીને $0 બિલયોગ્ય થશે;
- જો તેઓ ફેડરલ ગરીબી સીમા (“FPL”) ના 301% થી 500% દરમિયાન આવતા હોય તો મેડિકર રેટના 115%;
- નાણાકીય સહાય નીતિના **<u>દસ્તાવેજ 1</u>** માં આપેલ દર મુજબ અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (“AGB”) અથવા જો તેઓ “FPL”ના 201% થી 300% દરમિયાન આવતા હોય તો ન્યુ જર્સી સ્લાઇડિંગ સ્કેલ અનુસાર ગણવામાં આવેલ રકમ, આમાંથી જે પણ ઓછી હોય.

અમારા FAP માટે લેખિત અરજીની જરૂર નથી, પરંતુ દર માળખા અનુસાર તેઓ જે માટે લાયક હોય, તે નક્કી કરવા માટે, ચેરિટી કેર અથવા અન્ય સરકારી કાર્યક્રમો માટેની લાયકાતનું મૂલ્યાંકન કરવા માટે (તમામ સંભવિત આંતરિક અને બાહ્ય સ્રોતોથી) મેળવેલી માહિતીનો ઉપયોગ કરીશું.

- **વીમાકૃત દર્દીઓ**

તમામ FAP પાત્ર દર્દીઓ, જેમનો સ્વાસ્થ્ય કેર વીમો સક્રિય હોય, તેઓ નીચે મુજબ વ્યાખ્યાયિત AGB કરતા વધુ ચુકવણી માટે જવાબદાર હશે નહીં, જેમાં સ્વાસ્થ્ય વીમા કંપની દ્વારા દર્દીના ખાતામાં જમા કરાયેલ ભરપાઈ સમાવેશ થતો નથી.

*FAP પાત્રતા અને અધિક ઉદાર સહાય માટેની સ્થિતિ, બિલિંગ અને સંગ્રહ ચક્ર દરમિયાન કોઈ પણ સમયે સુધારવામાં આવી શકે છે.*

__FAP ની સૂચના/જાહેરાત__

a) SPUH ની FAP અને FAP નો સરળ ભાષા સારાંશ ("PLS") અમારી વેબસાઈટ - __www.saintpetershcs.com__ દ્વારા ઉપલબ્ધ છે.

b) FAP અને PLS ની પેપર નકલો, માગણી પર મેલ દ્વારા કોઈ પણ શુલ્ક વગર ઉપલબ્ધ છે તેમજ હૉસ્પિટલ સુવિધાના વિવિધ વિસ્તારોમાં જેવા કે પ્રવેશ, દર્દીની નોંધણી, ઈમર્જન્સી રૂમ વિભાગ, સંસાધન સેવાઓ અને દર્દીને રજા આપવાના વિભાગમાં આપવામાં આવે છે. તમામ લેખિત અરજીઓ આ સરનામે મોકલવાની રહેશે:

**સેંટ પીટર્સ યુનિવર્સિટિ હૉસ્પિટલ**
**ધ્યાન: સંસાધન સેવાઓ**
**254 ઈસ્ટન એવેન્યૂ**
**ન્યૂ બ્રુન્સવિક, NJ 08901**

c) FAP અને PLS ની પેપર નકલો માટેની મૌખિક વિનંતીઓ અહીં કરી શકાય છે:

**સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ**
**વિભાગ: સંસાધન સેવાઓ**
**ટેલિફોન #: 732.745.8600 એક્સટેન્શન: 5019**

d) FAP અને PLS અંગ્રેજી અને અન્ય એવી ભાષાઓમાં ઉપલબ્ધ છે જે સેંટ પીટર્સ સ્વાસ્થ્ય પ્રણાલીની પ્રાથમિક સેવાના વિસ્તરમાં 5% જેટલી ઓછી અથવા 1000 વ્યક્તિઓ પૂરતી મર્યાદિત છે. અનુવાદિત આવૃત્તિઓ રૂબરૂ વિનંતી પર ટેલિફોન દ્વારા અથવા અમારી વેબસાઈટ મારફતે ઉપલબ્ધ છે.